### દરિયાઈ લેવલ મેન્ટેન કરવામાં વિસંગતતાને કારણે પાણીનો સ્ત્રોત જમા થશે કે કેમ તે એક પ્રશ્નાર્થ છે

# કપડવંજમાં વરાંસી નદીનો ચેકડેમ બનતાં પહેલાં વિવાદમાં ફસાયો

**ચેકડેમની** આડી દિવાલ જમીન લેવલ કરતા નીચી હોય તો પાણી ભરાશે નહી તેમ તજજ્ઞોનું માનવું છે

(પ્રતિનિધિ) કપડવંજ તા.14

કપડવંજ નગરપાલિકા વિસ્તારમાં વરાંસી પમ્પીગ સ્ટેશન પાસે કપડવંજ નગરપાલિકા દ્વારા સને-1997માં ચેકડેમ બનાવ્યો હતો. આ ચેકડેમથી આજુબાજુના ગામડાઓને સિંચાઈ માટે બોરકુવાના તળમાં પાણીનો સ્ત્રોત રહેતો હતો. પરંતુ પ્રતિ વર્ષે ભારે વરસાદના કારણે નદીમાં પુર આવે ત્યારે ચેકડેમના દરવાજાને નુકશાન થયું છે. જેથી પાણી ડેમમાં ભરાતું નથી અને વહી જાય છે. સાથે સાથે ચેકડેમનું સમારકામ થાય તેમ ના હોય નવો ચેકડેમ બનાવવાવી જરૂરિયાત ઉભી થઈ હતી. પરંતુ નવો ચેકડેમ બનાવવા માટે સરકારની નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા યોજના અન્વયે નવો ચેકડેમ બનાવવાની મંજુરી મળી ગઈ છે.



તે અન્વયે નવો ચેકડેમ બનાવાવ સારૂ નડિયાદ સિંચાઈ વિભાગ દ્વારા ચેકડેમ બનાવવા માટેની કાર્યવાહીનો આરંભ થઈ ગયો છે. પરંતુ ચેકડેમ નદીમાં એટલો ડીપ છે કે આગામી વરસાદની સિઝનમાં ધોવાઈ જવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે અને ચેકડેમ જળ સમાધિ લેશે તેવી પ્રબળ સંભાવનાને કારણે સરકાર દ્વારા ખર્ચ કરવામાં આવેલા કરોડો રૂપિયા પાણીમાં જવાની સંભવનાને નકારી શકાય તેમ નથી.

કપડવંજ-આતરસુંબા રોડ પર વોટર વર્કસ વિભાગ બહાર આવેલ વરાંસી નદી ઉપર રૂ.1,64,76,874.57ના ખર્ચે ચેકડેમના નિર્માણનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. સામાન્ય વ્યક્તિને ચેકડેમ જોતા જ ખબર પડી જાય કે આ ચેકડેમનું આયુષ્ય બહુ લાંબુ નહી રહે. નદી લેવલથી નીચે ચેકડેમનું નિર્માણ કાર્ય થઈ રહ્યું છે. ચેકડેમના નિર્માણમાં દરિયાઈ લેવલમાં વિસંગતતા હોવાને કારણે ચેકડેમ ટકશે કે કેમ ? તે એક મોટો પ્રશ્ન છે. આ અંગે તજજ્ઞોના મતે ચેકડેમનો ઉદ્દેશ્ય પાણીના પ્રવાહમાં અવરોધ ઉભો કરીને તેને રોકવાનો છે. ચેકડેમની આડી દિવાલ જો જમીન લેવલ કરતા નીચે બનાવેલ હોય તો કોઈપણ સંજોગોમાં ચેકડેમમાં પાણી ભરાઈ શકે તેમ નથી. વધુમાં પાણી અવરોધવા બનાવેલી આડી દિવાલ નદીના તળિયાથી નીચી હોવાથી નજીકના ભવિષ્યમાં વરસાદ આવવાને કારણે તેમાં નદીની રેતી તથા કાપ ભરાઈ જશે. ચેકડેમની આડી દિવાલ આસપાસ લેવલ ધ્યાને રાખીને નક્કી કરવામાં આવે છે. વધુમાં ચેકડેમની ડિઝાઈન પણ માટીનો પ્રકાર, આસપાસની ભૌગોલિક સ્થિતિ વગેરેને ધ્યાને રાખીને તૈયાર કરવામાં આવે છે. જે પરિસ્થિતિનો ખ્યાલ આ ચેકડેમ બનાવતી વખતે રાખ્યો ન હોવાનું લાગી રહ્યું છે. આ ઉપરાંત ચેકડેમની ડિઝાઈનમાં દર્શાવેલા લેવલ લેવા માટેના કાયમી બેન્ચ માર્ક ક્યાંથી લેવામાં આવ્યા તેવા અનેક પ્રશ્નો ઉદભવ્યા હોવાનું અનુમાન છે. જેથી અધિકારીએ તેની આવડત મુજબ ડિઝાઈન તૈયાર કરી છે કે કેમ ? તે એક મોટો પ્રશ્ન છે. જેથી સરકારના કરોડો રૂપિયા પાણીમાં જશે તેવા અનેક પ્રશ્નો પ્રજાજનોને સતાવી રહ્યા છે.

# આણંદમાં ગેરકાયદેસર કતલખાનુ ચલાવી ગૌવંશની કતલ કરનાર બે ઈસમો ઝડપાયા

**પોલીસની** ટીમે અગાઉ પશુ કતલ કરવાના સાધનો, ૭૦૫ કિલો ગૌમાંસ અને 1.48 લાખનો નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો

(પ્રતિનિધિ) આણંદ તા.15

આણંદ શહેરમાં પોલસન ડેરી રોડ ઉપર આવેલ તાસ્કંદ સોસાયટી ખાટકીવાડમાં આવેલ રોયલ ચીકનના ખાંચામાં ગત શનિવારે સવારે આણંદ શહેર પોલીસે ગેરકાયદેસર કતલખાનુ ઝડપી પાડ્યું હતું. આણંદ શહેર પોલીસ ગુનો નોંધીને મંગળવારના રોજ ગૌવંશની કતલ કરનાર બે ઈસમોને ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ શહેરમાં પોલસન ડેરી રોડ ઉપર ખાટકીવાડ વિસ્તારમાં તાસ્કંદ સોસાયટી નજીક આવેલ રોયલ ચીકનવાળાના ખાંચામાં રહેતો આસીફમીયા અલ્લારખા કુરેશી જીવતી ગાયો લાવી પોતાના મકાનની બાજુમાં બનાવેલ ઓરડીમાં કતલ કરતો હોવાની ચોક્કસ માહિતી ત્રણ દિવસ અગાઉ આણંદ શહેર પોલીસને મળી હતી. જે તે વખતે પોલીસની ટીમે માહિતી મુજબની જગ્યાએ છાપો માર્યો હતો. પરંતુ, તે વખતે પોલીસને જોઈને ત્યાં હાજર આસીફમીયા અલ્લારખા કુરેશી અને તેનો સાગરીત રબ્બાની કાદરભાઈ કુરેશી ઓરડીની પાછળના ભાગેથી નાસી ગયાં હતાં.

બીજી બાજુ પોલીસની ટીમે ઓરડીમાંથી માંસના ટુકડા, પશુ કતલ કરવાના સાધનો, કતલ કરેલ હાલતમાં ત્રણ ગાયો ઉપરાંત 705 કિલો ગૌમાંસ મળીને કુલ રૂપિયા 1,48,200 નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને ફરાર આસીફમીયા અલારખા કુરેશી અને રબ્બાની કાદરભાઈ કુરેશી વિરૂદ્ધ પશુક્રુરતાનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન મંગળવારના રોજ બંને આરોપીઓ આસીફ ઉર્ફે રાજુ અલ્લારખા એહમદભાઈ કુરેશી તેમજ રબ્બાની કાદરભાઈ કુરેશીની પોલીસે ઘરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### મહી નદી બ્રીજ પર આપઘાત અટકાવવા લગાવેલી જાળીઓની દૂર્દશા





લુણાવાડા શહેર પહેલા પાનમ નદીના પુલ અને લીંબોદરા પાસે આવેલા મહીસાગર નદી પરના પુલ પર આત્મહત્યા રોકવા માટે ૭૮ લાખના ખર્ચે લોખંડની જાળીઓ લગાવવામાં આવી હતી. પરંતુ લીંબોદરા પાસે મહીસાગર નદી પુલ પર લગાવાયેલી જાળીઓના મજબૂતાઇ માટે ચકાસણીનો અભાવ કે પછી જાળીઓની ગુણવત્તાનો અભાવ જેવા કારણોસર એક પછી એક જાળીઓ નદીમાં ખાબકી રહી છે. બીજી તરફ થોડા સમયમાં આ જાળીઓ અદ્રશ્ય થઈ જાય તેવી ભીતિ સેવાઇ રહી છે. **તસવીર : હરિશ ઝાલા**

## ખંભાત પાલિકાના 398 પેન્શનરોને ચૂકવવા 13.2 કરોડની ગ્રાન્ટ ફાળવણી

**વર્ષો જૂના** પડતર પ્રશ્નનું નિરાકરણ થતાં રાહતની લાગણી પ્રસરી

(પ્રતિનિધિ) ખંભાત તા 15

ખંભાત નગરપાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા પેન્શનરોનું પેન્શન બંધ કરવામાં આવ્યું હતું. જેને લઈ પેન્શનરો દ્વારા ગુજરાત નામદાર હાઈકોર્ટના દરવાજા ખખડાવવામાં આવ્યા હતા. ગુજરાત હાઈકોર્ટ દ્વારા પેન્શનરોને 13 કરોડ પેન્શન ચુકવણી કરવાનું ખંભાત નગરપાલિકાને હુકમ કરવામાં આવ્યો હતો. પરંતુ ખંભાત નગરપાલિકાની આર્થિક પરિસ્થિતિ કફોડી હોય. ખંભાત નગરપાલિકા દ્વારા ખંભાત ધારાસભ્ય ચિરાગભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી હતી.

ખંભાત પાલિકાની આર્થિક સ્થિતીને ધ્યાને રાખીને ધારાસભ્યની રજૂઆત બાદ મુખ્યમંત્રીએ પેન્શનરોની બાકી પડતી રકમ ચુકવવા માટે 13 કરોડ ઉપરાંતની ગ્રાન્ટ ફાળવી આપતાં વર્ષોજૂનો પ્રશ્ન હલ થતા આનંદ વ્યાપી ગયો છે. ધારાસભ્ય ચિરાગ પટેલ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરી સરકારની શ્રી નિધિ યોજના અંતર્ગત 13 કરોડ 2 લાખની લોન મંજૂર કરવામાં આવી હતી.

# જાહેર રજાના દિવસે નડિયાદની નોલેજ સ્કૂલ ચાલુ રાખતા વિવાદ

**શિક્ષણ** વિભાગે ત્વરીત શાળાએ પહોંચી બાળકોને ઘરે મોકલ્યા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.15

નડિયાદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના જન્મ દિવસે જાહેર રજા હોવા છતાં સ્કૂલ ચાલુ રાખતા વિવાદ સર્જાયો છે. જાણીતી શાળામાં ત્વરીત શિક્ષણ વિભાગની ટીમે પહોંચી અને બાળકોને ઘરે મોકલી દીધા હતા. આ મામલે જાગૃતજનો ફીટકાર વરસાવી રહ્યા છે.

નડિયાદની જાણીતી નોલેજ હાઈસ્કૂલ દ્વારા બાબા સાહેબ આંબેડકરજીની જન્મ જયંતિના જાહેર રજાના દિવસે સ્કૂલ ચાલુ રાખી હતી. આ મામલો પ્રથમ જિલ્લા કલેક્ટરના ધ્યાનમાં આવ્યો હતો અને બાદમાં જિલ્લા શિક્ષણાધિકારીને આ મામલે તપાસ કરી યોગ્ય કાર્યવાહીના આદેશ અપાયા હતા. અંતે આ મામલે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પોતાના 2 જવાબદાર અધિકારીઓને શાળામાં મોકલ્યા હતા, જ્યાં શાળા ચાલુ હોવાનું જણાયુ હતુ. અંતે શિક્ષણ વિભાગ દ્વારા ત્વરીત શાળા બંધ કરાવી અને વિદ્યાર્થીઓને ઘરે મોકલ્યા હતા. શાળા પ્રશાસને પોતાની ભૂલ પણ સ્વીકારી હતી. આ મામલે શિક્ષણાધિકારી કલ્પેશભાઈ રાવલ સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યુ હતુ કે, આ બાબત ધ્યાનમાં આવતા જ વિભાગના 2 અધિકારીઓને શાળામાં મોકલી અને ત્વરીત સ્કૂલ બંધ કરાવી હતી. આજે મંગળવારે શાળા પ્રશાસનને ખુલાસો આપવા રૂબરૂ ઓફીસે આવવા જણાવ્યુ હતું.

### શાળામાં એક્સ્ટ્રા ક્લાસ ચાલતા હતા

આ સમગ્ર મામલે શાળાના ટ્રસ્ટી રામજીભાઈ સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યુ હતુ કે, શાળામાં ધોરણ 11 અને 12ના વિદ્યાર્થીઓને JEE અને આ સિવાય શાળામાં એક્સ્ટ્રા ક્લાસ ચાલતા હતા, તો સત્રના અંતિમ દિવસો હોવાથી ખૂબ ઓછા વિદ્યાર્થીઓ આવતા હતા, જેથી શાળા ચાલુ રાખી હતી, પરંતુ શિક્ષણ વિભાગે જાણ કરતા અમે પોણા નવ વાગે શાળા બંધ કરી દીધી હતી.

## ટેમ્પલ કમિટી વડતાલના નવા સભ્યોની પ્રથમ મીટીંગ યોજાઈ

**ચેરમેન પદે** ડો. સંતવલ્લભદાસજી સ્વામી, કોઠારીપદે દેવપ્રકાશસ્વામીની વરણી

(પ્રતિનિધિ) વડતાલ તા 15

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય તીર્થધામ વડતાલ ધામમાં ટેમ્પલ કમિટીનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતા બિનહરીફ ચૂંટાયેલા નવા ટેમ્પલ કમિટીની પ્રથમ મીટીંગ તારીખ ૧૫ એપ્રિલને મંગળવારના રોજ યોજાઇ હતી. જેમાં બિનહરીફ ચૂંટાયેલા સભ્યો પૈકી ડો. સંતવલ્લભદાસજી સ્વામીની ચેરમેન તરીકે તથા દેવપ્રકાશ



સ્વામીની વડતાલ મંદિરના મુખ્ય કોઠારી તરીકે વર્ણી કરવામાં આવતા હરિભક્તોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી હતી. વડતાલ ટેમ્પલ કમિટીના કોઠારી દેવપ્રકાશ સ્વામીએ જણાવ્યું હતું કે વડતાલ ટેમ્પલ કમિટીમાં ડો. સંતવલ્લભદાસજી સ્વામી, બ્રહ્મચારી હરિકૃષ્ણાનંદજી, પાર્ષદ વલ્લભભગત, સંજય પટેલ, તેજસ પટેલ, અલ્પેશ પટેલ અને સંજય પટેલ બિનહરીફ ચૂંટાયા હતા.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આંમલીયારા પ્રાથમિક શાળામાં ધોરણ-8 ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



**તારાપુર |** આંમલીયારા પ્રાથમિક શાળા તા.તારાપુર માં ધોરણ- 8 ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો હતો. વિદાય સમારંભ કાર્યક્રમમાં શાળાના શિક્ષક સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્વળ ભવિષ્ય માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તથા આગામી દિવસોમાં ચાલુ થતી વાર્ષિક પરીક્ષાઓ માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી . શાળાના આચાર્ય વિઠ્ઠલભાઈ પ્રજાપતિ દ્વારા જીવન કૌશલ્ય તથા ટેકનોલોજી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તથા તેમના દ્વારા દરેક વિદ્યાર્થીને સુંદર ગિફ્ટ આપવામાં આવી હતી . ધોરણ-8 ના વિદ્યાર્થીઓ દ્વારા પણ શાળાના દરેક શિક્ષકને ગિફ્ટ આપીને સન્માનિત કરવામાં આવ્યા તથા બાળકો દ્વારા પ્રતિભાવો આપવામાં આવ્યા હતા. આમ આંમલીયારા પ્રાથમિક શાળામાં ધોરણ-8 ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ખેડા તાલુકાના રઢુ ગામે ડૉ.બાબા સાહેબની 134 મી જન્મજ્યંતિની ઉજવણી કરાઇ



**ખેડા |** તાલુકાના રઢુ ગામે ડો.બાબા સાહેબની 134 મી જન્મજ્યંતિની ઉજવણીના ભાગ રૂપે બુદ્ધ વિહાર ધામ અને ડો.બાબા સાહેબ આબેડકર સ્ટેચ્યુની પ્રતિમા મુકવા માટેનું ભૂમિપૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.આ પ્રસંગે રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રેલી દરમ્યાન સરદાર પટેલ અને રવિશંકર મહારાજની પ્રતિમાને માલ્યાઅર્પણ કરવામાં આવી હતી.

### ખેડામાં ડૉ. બાબાસાહેબના 134 મા જન્મજ્યંતિ નિમિતે પુષ્પાજલિ કાર્યક્રમની સાથે રેલી યોજાઇ



**ખેડા |** ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરજીના 134 મા જન્મ જ્યંતિની ખેડા શહેરમાં ધામધૂમથી કરવામાં આવી. ખેડા ડો.બાબાસાહેબ આંબેડકર સંગઠનના પ્રમુખ શાંતિલાલ વાઘેલા દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ ડો.સાહેબની પ્રતિમાને ફુલહાર અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ખેડા ગ્રુપ પેન્સનર મંડળના પ્રમુખ,સિનિયર સીટીઝન્સ કાઉન્સિલ પ્રમુખ, સંગઠનના હોદ્દેદારો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યાં હતા.ત્યારબાદ ખેડા શહેરમાં રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.રેલીમાં ડો. સાહેબ અમર રહોના નારાથી ખેડા શહેર ગુંજી ઉઠ્યું હતું.

### વિરપુર ખાતે ડો બાબાસાહેબ આંબેડકર ની 134મી જન્મ જયંતિની ઉજવણી કરાઇ



**વિરપુર |** વિરપુર ખાતે ડો. ભીમરાવ આંબેડકર ભવન ના નિમ સ્થળેથી શોભાયાત્રા નીકળી મામલતદાર કચેરી થઇ માનવ સેવા મંદિર થઇ સી.એમ.દેસાઈ હાઈસ્કૂલ થઇ મુકેશ્વર મંદિર થઇ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાએ શોભાયાત્રા પૂર્ણ કરી, ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે અનુસૂચિત સમાજના અગ્રણીઓ યુવાનો અને મહિલાઓ એ જય ભીમના નારા લગાવ્યા હતા. ડો.ભીમરાવ આંબેડકરને વિશ્વરત્ન બોધિ સત્વ મહિલાઓ,ગરીબો પીડિતો, વંચિતોના મહામાનવ, તત્વ ચિંતક અને ભારત દેશના તમામ સમાજના લોકોના ઉધ્ધારક અને બંધારણના ઘડવૈયા તરીકે સમગ્ર દેશભરમાં નામ ગુંજે છે ત્યારે ભારત ના બંધારણમાં પ્રણેતા એવા બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમા ને પુષ્પ વર્ષા કરી નતમસ્તક નમન કરી અંત પૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

### આણંદની અંબાલાલ બાલશાળામાં ગણિત વિષયના સેમિનારનું આયોજન કરાયું



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત અંબાલાલ બાલશાળામાં આચાર્ય સુરેશભાઈના માર્ગદર્શન હેઠળ ધોરણ 4 અને 5 ના વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગણિત વિષયના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા ડો. મનોજભાઈ જાવાણી બાળકોને સરળ રીતે સમજ આપી હતી. આ પ્રસંગે સંસ્થાના મંત્રી કેતનભાઈ, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ, આચાર્ય સુરેશભાઈ તથા શાળા પરિવારે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

### આણંદની શ્રી પી. એમ. પટેલ સાયન્સ કોલેજમાં આંબેડકર જયંતિની ઉજવણી



**આણંદ |** શ્રી પી. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પીજી સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઇન સાયન્સ, આણંદ ખાતે તાજેતરમાં ભરચક ઓડિટોરિયમમાં આંબેડકર જયંતિની ખૂબજ શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બી.આર. આંબેડકરને શ્રદ્ધાંજલિ આપવામાં આવી અને રાષ્ટ્ર માટે તેમના કાયમી યોગદાનની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય વિષય 1950માં પ્રકાશિત થયેલા ભારતના બંધારણના પ્રથમ સંસ્કરણની પ્રાચીન પ્રતિકૃતિને તમામ ફેકલ્ટી સભ્યો દ્વારા સામૂહિક પ્રાર્થના કરવાનો હતો, જે લોકશાહી મૂલ્યો અને સામાજિક ન્યાયને જાળવી રાખવાની સંસ્થાની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. આણંદ પીપલ્સમેડિકેરસોસાયટી (APMS) ના પ્રમુખ બિપિનચંદ્ર પટેલ (વકીલ) એ પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. જેમાં બંધારણની એકીકરણ શક્તિ અને આધુનિક ભારતને આકાર આપવામાં તેના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

### કડાણાના સરસવા ગામે બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી



**કડાણા |** કડાણા નાં સરસ્વા ગામે બાબા સાહેબ આંબેડકરની 134 મી જન્મજયંતી ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. બાબાસાહેબની પુષ્પાંજલિ અર્પી માલ્યા અર્પણ કરી ને રાજકીય પક્ષો અને સ્થાનિક યુવાનોને સંગઠનો દ્વારા જય ભીમના નારા લગાવ્યા હતા. વિશ્વ વિભૂતિ, ભારત રત્ન મહામાનવ, મહિલાઓના મુક્તિદાતા, સિમ્બોલ ઓફ નોલેજ, આધુનિક ભારતના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૪મી જન્મજયંતિ કડાણા તાલુકાના સરસવા ગામ ખાતે ડો.બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમા ને પુષ્પાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.